# દરેક વિજયને ગહેરાઈથી જુઓ તો તે પરાજયથી અલગ નજર નથી આવતો

બે વર્ષના લોહિયાળ જંગ પછી ઈઝરાયેલનું ગાઝા યુદ્ધ સમાપ્ત થયું છે. 67,000 લોકોનાં મૃત્યુ, 169,000 લોકોને ઈજા, 198,883 ઈમારતોના ધ્વંસ અને (ઈઝરાયેલ તરફે) 5.5 લાખ કરોડ રૂપિયાના ધુમાડા પછી ઈઝરાયેલ અને હમાસ વચ્ચે શાંતિ કરાર થયા છે. ઈઝરાયેલે હમાસને નેસ્તનાબૂદ કરવાના નિર્ધાર સાથે 736 સુધી તોપો ગગડાવી હતી અને અંતે 20 ઈઝરાયેલી અપહ્યતોને જીવતા છોડાવવા માટે, હમાસ સાથે મંત્રણાના ટેબલ પર બેસવું પડ્યું હતું અને શાંતિનો હાથ લાંબો કરવો પડ્યો હતો.

જે હમાસનો એકડો કાઢી નાખવા માટે ઈઝરાયેલે આંતરરાષ્ટ્રીય અવાજોની એસીતૈસી કરીને કત્લેઆમ ચલાવી હતી, તે જ હમાસે હવે કહ્યું છે કે આ સમજૂતી યુદ્ધ-વિરામ છે, શાંતિ કરાર નહીં. અર્થાત, હમાસ કહે છે કે તે હથિયાર ત્યારે છોડશે જ્યારે સ્વતંત્ર પેલેસ્ટાઈનનો રસ્તો ખુલ્લો થશે. એટલે પેલેસ્ટાઈન માટેનું તેનો સંઘર્ષ જારી રહેશે. એટલા માટે એ પ્રશ્ન પણ એટલો જ પ્રાસંગિક છે કે આ સમજૂતી શાંતિ ટકાવી રાખશે કે પછી તે કેવળ નવા યુદ્ધ સુધીનો પહેલો વિરામ છે.

જો મંત્રણા અને સંવાદથી જ સંઘર્ષ અટકતો હોય, તો આટલું લોહિયાળ અને ખર્ચાળ યુદ્ધ કરવાની જ ક્યાં જરૂર હતી? યુદ્ધો ભાગ્યે જ વિવાદનું સમાધાન કરતાં હોય છે. બલ્કે, યુદ્ધો બીજા વિવાદોને જન્મ આપતાં હોય છે અને એ રીતે યુદ્ધ અવિરત ચાલતું રહે છે.

આજે વિશ્વમાં 200 દેશ છે. તે તમામ દેશોના પોતાના ધર્મ, પોતાની પરંપરા અને પોતાની સંસ્કૃતિ છે. તમામના રાષ્ટ્રીય આદર્શો છે. એમાંથી કોઈ તેના આદર્શને કોરાણે મુકતા નથી, કારણ કે તે આદર્શો જ તેમના દેશની ઓળખ અને અસ્તિત્વનો પાયો છે. તો પછી બીજા દેશે એ આદર્શ ત્યજવા જોઈએ એવી ઈચ્છા કોઈ દેશ રાખે તે કેટલું વ્યાજબી છે? સ્વેચ્છાએ એવું નથી થતું એટલે હિંસાનો સહારો લેવો પડે છે. જે યુદ્ધના મૂળમાં છે.

અનેક દેશો વચ્ચે વર્ષોથી સંઘર્ષ ચાલી રહ્યા છે અને તેમ છતાં કોઈપણ સમસ્યાનું સમાધાન થયું નથી. બધા યુદ્ધગ્રસ્ત દેશ તેમાં વધુને વધુ ગૂંચવાતાં ગયાં છે, કારણ કે યુદ્ધથી આજ દિવસ સુધી કોઈનું ભલું થયું નથી. હિંસા હંમેશાં અન્યાયપૂર્ણ હોય છે. તે જવાબોને બદલે પ્રશ્નો ઊભા કરે છે. ઈરાન, ઈરાક, ઇઝરાઇલ, હમાસ, રશિયા, યુક્રેન, ભારત, પાકિસ્તાન અને અન્ય ઘણા દેશ યુદ્ધ કરી ચુક્યા છે. પરંતુ સરવાળે તો ખાયા પિયા કુછ નહીં, ગિલાસ તોડા બારહ આના જેવો ઘાટ થાય છે. યુક્રેન નેટોની મદદથી રશિયા સામે લડતું રહ્યું અને અંતે બંને દેશ તબાહીનો સામનો કરી રહ્યા છે. પોતાની મનમાની અને જિદમાં બંને દેશ ખખડી ગયા. અરબો ડૉલરની આગમાં એકબીજાની રાષ્ટ્રીય સંપત્તિને સ્વાહા કરીને હવે તે શાંતિ ઝંખી રહ્યા છે.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**



યુદ્ધમાં જીતનાર દેશ ઘણી વખત સૌથી વધુ હિંસક, આક્રમક અને નિર્દયી હોય છે- પરંતુ તેનો અર્થ એ નથી કે તેના વિચારો સાચા છે. વાસ્તવમાં, યુદ્ધ એ સવાલથી બચવાનો એક માર્ગ છે કે શું સાચું છે અથવા શું ખોટું, શું સારું છે અથવા શું ખરાબ, શું ઉપયોગી છે અથવા વિનાશક. યુદ્ધોને ગહેરાઈથી જુવો તો ખ્યાલ આવે કે મોટાભાગનાં યુદ્ધ ખોટાં કારણો કે ખોટા નિર્ણયોથી શરૂ થાય છે અને તેનું પરિણામ એ આવે છે કે તેમાં બધા પક્ષો ભોગવે છે.

ફ્રેંચ વિચારક જ્યાં-પોલ સાર્ત્રએ એકવાર કહ્યું હતું કે 'વિજયનો જો હિસાબ માંડવામાં આવે તો, તે પરાજયથી અલગ નજર ન આવે.' એનો અર્થ એ છે કે જ્યારે આપણે કોઈ 'વિજય'ની કથાને ગહેરાઈથી સાંભળીએ છીએ, ત્યારે તેમાં ફક્ત જીતનું ગૌરવ જ દેખાતો નથી- પરંતુ તેમાં પારાવાર દુઃખ, બલિદાન, વિનાશ અને નુકસાન પણ ઝળકતાં હોય છે, જે તે વિજય માટે ચૂકવવું પડ્યું હતું. દરેક યુદ્ધ, દરેક સંઘર્ષ, દરેક સફળતાની પાછળ પારાવાર પીડાઓ, નિષ્ફળતાઓ અને નુકસાન છુપાયેલાં હોય છે. આપણે જ્યારે નુકશાનની નજરથી જીતને જોઈએ, ત્યારે



**યુદ્ધનો અર્થ એ થાય છે- બે વિરુદ્ધ પક્ષો દ્વારા સત્ય અને ન્યાય માટે સંઘર્ષ. પરંતુ સમસ્યા એ છે કે 'સત્ય' અને 'ન્યાય' ક્યારેય સર્વવ્યાપી નથી- તેઓ વ્યક્તિ, સમાજ, ધર્મ, સંસ્કૃતિ અને સમય પ્રમાણે બદલાય છે. વિજ્ઞાનમાં જેમ એક વત્તા એક બરાબર બે થાય છે, તેવું ધર્મ કે અને સંસ્કૃતિમાં નથી થતું**

સમજાઈ જાય છે કે 'વિજેતા' પણ વાસ્તવમાં હારેલો હોય છે- કારણ કે તેણે પણ કંઈક ગુમાવ્યું છેઃ માનવતા, નૈતિકતા, કરુણા અથવા શાંતિ. સાર્ત્ર એમ કહેવા ઈચ્છે છે કે દરેક વિજયની અંદર પરાજયનો પડછાયો હોય છે. જેટલી મોટી જીત હોય છે, તેના પાછળ એટલું જ મોટું દુઃખ અને નુકશાન છુપાયેલું હોય છે. વિજયનો ઉત્સવ જેટલો મોટો હોય છે, એટલું જ સ્પષ્ટ થાય છે કે જીત અને હાર, બંને એક જ સિક્કાની બે બાજુ છે. યુદ્ધનો અર્થ એ થાય છે- બે વિરુદ્ધ પક્ષો દ્વારા સત્ય અને ન્યાય માટે સંઘર્ષ. પરંતુ સમસ્યા એ છે કે 'સત્ય' અને 'ન્યાય' ક્યારેય સર્વવ્યાપી નથી- તેઓ વ્યક્તિ, સમાજ, ધર્મ, સંસ્કૃતિ અને સમય પ્રમાણે બદલાય છે. વિજ્ઞાનમાં જેમ એક વત્તા એક બરાબર બે થાય છે, તેવું ધર્મ કે અને સંસ્કૃતિમાં નથી થતું.

દર દાયકામાં, દર શતાબ્દીમાં યુદ્ધ થયાં છે- કારણ કે માણસની અંદર હિંસા, અહંકાર અને અસહિષ્ણુતાની વૃત્તિ કુદરતી રીતે મૌજુદ હોય છે. સમય સાથે આ હિંસા અને ઘૃણા અંદર જ તગડી થતી રહે છે અને પછી એક દિવસ તે 'કારણ' તરીકે ફૂટે છે- ધર્મના નામ પર, રાષ્ટ્રના નામ પર, રંગ, જાતિ, ભાષા, વર્ગ અથવા સંસાધનોના નામ પર. પરંતુ આ બધાં તો ફક્ત સાધનો છે- અસલ સમસ્યા માનવની અંદરની હિંસા અને અહંકારમાં છે.

માણસો હંમેશા જૂથ બનાવે છે- પરિવાર, જાતિ, ધર્મ, દેશ, સંગઠન અને દરેક જૂથ માનવા લાગે છે કે તેઓ જ સર્વોત્તમ છે અથવા બીજા કરતાં વધુ સારું છે. જૂથ બને એટલે હેરાર્કી (ઊંચનીચ) ઉત્પન્ન થાય છે અને અહીંથી અહંકારની અથડામણ શરૂ થાય છે. જ્યારે બે જૂથ પોતપોતાના વિચારો અને માન્યતાઓને 'સત્ય' માને છે, ત્યારે તેઓ એક બીજાને પોતાનાં સત્ય સમજાવવાનો પ્રયત્ન કરે છે. બીજો પક્ષ એ સત્યને ન સમજે (ન સ્વીકારે) એટલે વિચારોની એ લડાઈ યુદ્ધમાં પરિવર્તિત થાય છે.

એટલા માટે અસલી યુદ્ધ હથિયારો વડે નહીં, પરંતુ અહંકાર અને અસહમતીથી લડાય છે અને એટલા માટે જ યુદ્ધ ક્યારેય પૂરું નથી થતું. ક્યારેક થોડા દાયકાઓ માટે શાંતિ દેખાય છે, ક્યારેક યુદ્ધોની સંખ્યા ઘટી શકે છે અથવા વધી શકે છે, પરંતુ આ પ્રવૃત્તિ સંપૂર્ણ રીતે દૂર નથી થતી કારણ કે અસલી યુદ્ધ તો અંદર હોય છે.

જ્યાં સુધી માનવીય ચેતના હિંસક અને પ્રતિસ્પર્ધી છે, જ્યાં સુધી અહંકાર તેને 'અમે' અને 'તેઓ'માં વિભાજિત કરતો રહેશે અને યુદ્ધ ચાલુ રહેશે. યુદ્ધ ત્યારે જ સમાપ્ત થઈ શકે છે જ્યારે સમગ્ર માનવતા આધ્યાત્મિક જાગૃતિ તરફ વધે- જ્યારે વ્યક્તિ પોતાની અંદરની હિંસા, ભય અને અહંકારને ઓળખીને શાંતિમાં સ્થિર થાય. પરંતુ આ અવસ્થા ખૂબ દુર્લભ છે- ઈતિહાસમાં આવું ક્યારેય સામૂહિક રીતે થયેલું નથી. હા, એક એકલો માણસ જરૂર તેની અંદરની હિંસા પર વિજય મેળવી શકે છે- જેમ કે બુદ્ધ અથવા ગાંધી.


# પડતર-સંવાદ

પહેલાં લોકોના પ્રશ્નો માટે છાપાંમાં 'પડતર'નું વિશેષણ વપરાતું હતું. પછી એક મિત્ર 'પડતર'શબ્દનો બહુ છૂટથી પ્રયોગ કરતા હતા. નવરા કે કામધંધા વગરના માણસ માટે તે કહેતા હતા, 'ફલાણો? એ તો સાવ પડતર છે.' પછી તો 'પડતર' માણસોના અનેક પ્રકારભેદ નજરે પડવા લાગ્યા-સમાજમાં, રાજકારણમાં (એમ તો સમાજમાં રાજકારણ આવી જાય છતાં...) થોડા સમય પછી દિવાળી અને બેસતા વર્ષની વચ્ચે ટપકી પડનાર તરીકે પડતર દિવસ જાણીતો બન્યો. હવે દિવસ માટે 'પડતર' શબ્દ જૂનો લાગે છે અને 75મા વર્ષે કંઈ નક્કર કરવાને બદલે 2047નાં સપનાં બતાવતા રાજકારણમાં જૂના શબ્દોનું કશું કામ નથી. બીજું કંઈ નહીં તો, તેને નવું નામ આપવું જ જોઈએ, જેથી હાલની સરકાર કેટલી મહાન છે તેનો વધુ એક વાર દાવો કરી શકાય, તેનાં હોર્ડિંગ લગાડી શકાય, જાહેરખબરો આપી શકાય અને લોકોના મનમાં ઠસાવી શકાય કે સેક્યુલર લોકોએ વગોવેલા પડતર દિવસને પુનઃપ્રતિષ્ઠા અપાવવાનું ઈતિહાસકાર્ય આ સરકારે પાર પાડ્યું.

કલ્પના કરો કે પડતર દિવસના નવા નામકરણ માટે એક મીટિંગ બોલાવવામાં આવે, તો?

(મુખ્ય અધિકારી હજુ આવ્યા નથી, એટલે બીજા અધિકારીઓ અંદરોઅંદર વાત કરી રહ્યા છે)

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વીશ કોઠારી**



અધિકારી 1: શું લાગે છે? કયા પડતર પ્રશ્નની વાત હશે?

અધિકારી 2: વાત તો સાચી. લોકોના પડતર પ્રશ્નોનું લિસ્ટ એટલું લાંબું છે કે તેની ચર્ચા કરવા બેસીએ તો નવી સરકાર ચૂંટવાનો વખત આવી જાય.

ખૂણામાંથી અવાજઃ અને લોકોના પડતર પ્રશ્નો વિશે નેતાઓની ઉપેક્ષા એટલી ગુનાઈત છે કે તત્કાળ નવી ચૂંટણી થવી જોઈએ, એવું લાગે.

(અવાજ ક્યાંથી આવ્યો, તે જાણવા બે-ચાર અધિકારીઓ પ્રયાસ કરે છે પણ તેમને ખ્યાલ આવતો નથી.)

અધિકારી 3: મને તો થયું કે સાહેબને 75 વર્ષ પૂરાં થઈ ગયાં તો હવે તેમનું શું કરવું-એટલે, તેમની ક્યાં વ્યવસ્થા ગોઠવવી એની તો ચર્ચા નહીં હોય?

અધિકારી 4: (બીજા અધિકારીઓ સામે જોઈને) કોઈ આમના જેટલા ભોળા ન થતા. બાકી, નોકરી પણ ખોશો ને પેન્શન પણ.

અધિકારી 5: નવા પ્રમુખ આવ્યા છે તેમનું કંઈ હશે?

અધિકારી 3: પણ પ્રમુખ તો પક્ષના છે. તેમને સરકાર સાથે શી લેવાદેવા?

અધિકારી 4: (બીજા અધિકારીઓ સામે જોઈને) ફરી કહું છું...કોઈ આમના જેટલા ભોળા...

અધિકારી 1: મને તો વિચાર આવે છે કે ...

(મુખ્ય અધિકારી ધમધમાટ કરતા દાખલ થાય છે)

મુખ્ય અધિકારીઃ (ખુરશી પર બેસતાંવેંત, કડકાઈથી) સૌથી પહેલાં એક વાત સમજી લો કે અહીં બેઠેલા કોઈએ કશું વિચારવાની જરૂર નથી. વિચારવું એ અફવાઓને હવા આપવા બરાબર છે, એટલે કે વિચારવું તે જૂઠાણાં ફેલાવવા બરાબર છે, એટલે કે વિચારવું એ સરકારદ્રોહ છે એટલે કે વિચારવું એ રાષ્ટ્રદ્રોહ છે. સમજ્યા?

અધિકારી 1: સોરી સર, આમ તો કોઈ એવી ભૂલ કરતું નથી. આ તો બધા તમારી રાહ જોતા હતા એટલે...

મુ.અઃ (અધવચ્ચેથી વાત કાપીને, ટેબલ પર હળવેકથી



હથેળી પછાડીને) તમે બધા જાણો છો કે આજે આપણે પડતરના પ્રશ્નની ચર્ચા માટે ભેગા થયા છીએ.

યુવાન અધિકારી 1: સર, પડતરના પ્રશ્નની ચર્ચા માટે કે પડતર પ્રશ્નની ચર્ચા માટે? (મુખ્ય અધિકારી અધિકારી 1ને ઈશારાથી પૂછે છે કે આ નમૂનો કોણ છે.મુ.અઃ આપણે એક સળગતા સવાલનો ઉકેલ આણવાનો છે એટલે વેવલાવેડા કરવાનો આ સમય નથી. આપણી સામે સવાલ એ છે કે દિવાળી અને બેસતા વર્ષની વચ્ચે આવતા પડતર દિવસનું

**સૌથી પહેલાં એક વાત સમજી લો કે અહીં બેઠેલા કોઈએ કશું વિચારવાની જરૂર નથી. વિચારવું એ અફવાઓને હવા આપવા બરાબર છે એટલે કે વિચારવું તે જૂઠાણાં ફેલાવવા બરાબર છે, એટલે કે વિચારવું એ સરકારદ્રોહ છે એટલે કે વિચારવું એ રાષ્ટ્રદ્રોહ છે. સમજ્યા?**

નામ બદલીને, નવું નામ શું રાખવું?

અધિકારી 3: સાહેબ, નામ બદલવાની જરૂર જ શી છે? આમાં ક્યાં વિધર્મી.

અધિકારી 4: (મુખ્ય અધિકારી સામે જોઈને) સાહેબ, આજે આમની તબિયત બરાબર નથી એટલે આડુંઅવળું બોલે છે. તેમની સામું ન જોશો.

મુ.અઃ (ગુસ્સામાં) તો એમને બહાર મોકલી દો. આટલી મહત્ત્વની ચર્ચા હોય ને તેનો રીપોર્ટ છેક ઉપર આપવાનો હોય ત્યારે મગજ પૂરેપૂરું ચાલતું ને પૂરેપૂરું શરણાગતિમાં હોવું જોઈએ.

અધિકારી 4: રાઈટ સર. પણ હું તમને નવાં નામ આપું. આપણે તેને સનાતન દિવસ કહીએ તો?

અધિકારી 2: ના, ના, વંદે પડતર દિવસ. મસ્ત લાગશે અને કોઈને કહેવું નહીં પડે કે નામ બદલવાનો મહાન નિર્ણય કોણે કર્યો.

અધિકારી 1: સર, સર, એવું જ હોય તો પછી 'પડતર નમો દિવસ', આઈ મીન, 'નમો પડતર દિવસ' કેમ રહેશે? સાહેબનું ઈતિહાસમાં નામ થઈ જશે. પાંચસો વર્ષ પછી પણ લોકો આપણા કેલેન્ડરમાં બે નામ યાદ રાખશેઃ વિક્રમનો સંવત ને નરેન્દ્ર મોદીનો પડતર દિવસ.

અધિકારી 4: પડતર દિવસ માટે ઉર્દૂ શબ્દ વપરાતો હોત તો હમણાં તેની જગ્યાએ બીજો શબ્દ મૂકી દીધો હોત પણ આ જરા...

અધિકારી 3: રિક્તાનુભૂતિ દિવસ? કે પછી અમૃત પડતર દિવસ

મુ.અ.: તમારાં બધાનાં સૂચનો આપણે ઉપર મોકલવાની વ્યવસ્થા કરી દઈએ છીએ. તેમાંથી કોઈ સ્વીકારાશે તો મારા માર્ગદર્શન હેઠળ તમે દાખવેલા ઉત્સાહ બદલ અભિનંદન અને જો કોઈ વાતે દિલ્હીદરબારમાં નારાજગી થઈ તો, કયું સૂચન કયા અધિકારનું છે, તે પણ નોંધી લીધું છે.

(એ સાથે જ મીટિંગ બરખાસ્ત થાય છે અને મુખ્ય

## ઈશિતાનું અલકમલક

### ઝેર તો પીવરાવ્યાં જાણી જાણી...!

આજથી ૧૪ વર્ષ પહેલાં ૨૦૧૧માં પ્રિયંકા ચોપરાની એક ફિલ્મ આવી હતી : 'સાત ખૂન માફ.' વિખ્યાત લેખક રસ્કિન બોન્ડ લિખિત એક સત્યઘટના આધારિત ટૂંકી વાર્તા પરથી આ બહુચર્ચિત ફિલ્મમાં મુખ્ય પાત્ર સુસાન (પ્રિયંકા) એક એવા પૂર્ણ પુરુષ કહી શકાય એવા પતિની શોધમાં છે. એ શોધમાં સુસાન છ પુરુષ સાથે લગ્ન કરે છે અને એ બધાનાં એક પછી એક વારાફરતી રહસ્યમય મોત થાય છે! છેલ્લે સુસાનને સાતમો પુરુષ મળે છે અને... આવી 'જરા હટકે' વાર્તાવાળી ફિલ્મને પ્રિયંકા ચોપરાના ધારદાર અભિનયને લીધે વિવેચકો-દર્શકોએ વધાવી લીધી હતી અને રૂપિયા ૧૫ કરોડના ખર્ચે બનેલી એ ફિલ્મે બોક્સ ઓફિસ પર રૂપિયા 33 કરોડનો ધંધો કર્યો હતો. આવા જ ચર્ચાસ્પદ કથાનક સાથે બ્રોડવે પર એક નાટક પણ પેશ થયું હતું : 'Arsenic and Old Lace'. જોસેફ કેસેલિંગ લિખિત આ બ્લેક કોમેડીમાં અપરાધને બહુ જ રમૂજી રીતે દર્શાવવામાં આવ્યો છે. એબી અને માર્થા નામની બે વૃદ્ધ બહેન એવી વધુ પડતી દયાળુ-માયાળુ છે કે આસપાસના અજાણ્યા એવા એકલવાયા વૃદ્ધ પુરુષનાં દુન્યવી દુઃખ જોઈ શકતી નથી. એમને પોતના ત્યાં મહેમાન તરીકે બોલાવીને દુનિયાનાં સર્વે દુઃખમાંથી હંમેશ માટે મુક્તિ અપાવવા આર્સેનિક -ઝેર મિશ્રિત વાઇન આપીને એમને પતાવી દે છે!



હત્યારી કોલસુમ કહે છે : મને યાદ નથી કે મેં કેટલા ખાવિંદનો ખાતમો બોલાવ્યો છે!

આમ 'ઝેર તો પીવડાવી જાણી જાણી' પછી પેલા પુરુષોના મૃતદેહોને ઘરના બેઝમેન્ટ-ભંડકિયામાં દફનાવી દે છે. પેલી બે વૃદ્ધાનાં આ ઘાતક રહસ્ય એમના એક નાટ્યવિવેચક ભત્રીજાને ખબર પડી જાય છે અને પછી.... આ 'Arsenic and Old Lace' નાટક સૌ પ્રથમ ૧૯૪૧માં બ્રોડવે પર રજૂ થયું હતું ત્યાર બાદ ૧૯૪૪માં એના પરથી એક હીટ ફિલ્મ પણ બની હતી. એટલું જ નહીં, કોલકાતાના પારસી જૂથે એને પારસી શૈલીમાં રજૂ પણ કર્યું હતું. પ્રિયંકા ચોપરાની ફિલ્મ અને આ નાટકની વાત આજે અહીં કરવાનું મુખ્ય કારણ એ કે આવી જ એક ઘટના ઈરાનમાં પણ બની છે!

અહીંની કોલસુમ અકબરી નામની ૫૭ વર્ષી મહિલાને તાજેતરમાં પોલીસે અટકમાં લઈને કડક ઊલટતપાસ માંડી તો આંચકાજનક અનેક ભેદ છતા થયા. કોલસુમ ૧૮ વર્ષની હતી ત્યારે એની પ્રથમ શાદી થઈ પણ ખાવિંદ સાથે ન ફાવ્યું. બીજી શાદી રચાવી. ઉંમરમાં મોટા એવા પતિ સાથે વારંવાર ખટરાગ થતાં એણે તલાક લેવાની પેરવી કરી પણ પતિ માનતો ન હતો એટલે કંટાળીને કોલસુમે પતિને ઝેર આપીને એનાથી છૂટકરો મેળવ્યો. પછી તો કોલસુમે ઝડપથી શ્રીમંત થવાનો શોર્ટકટ શોધી કાઢ્યો. એકલવાયા વૃદ્ધની સંપત્તિ કેટલી છે એ જાણી- પેલા સાથે સંબંધ વધારીને શાદી કરતી. પછી મોટી ઉંમરના પતિની ડાયાબિટીસ કે બ્લડ પ્રેશરની દવા સાથે ઝેર ભેળવીને ખાવિંદને ખતમ કરી નાખતી. એક પતિને આવા ઝેરી દવાના ચક્કરની શંકા પડતાં એને ઘરમાંથી તગેડી મૂકી. હમણાં છેલ્લે કોલસુમે એના ૮૩ વર્ષના પતિને ઝેર આપીને અલ્લાહને પ્યારો તો કરી દીધો, પણ પતિના દીકરાને શંકા ગઈ. એણે પોલીસ ફરિયાદ કરી અને પોલીસે ઉગ્ર તપાસ માંડી તો રહસ્યસ્ફોટ થયો કે એણે તો એના ૧૧ પતિને આ જ રીતે પતાવી દીધા છે. આ ઠંડે કલેજે કરેલી ૧૧ હત્યાનો એના પર આરોપ મુકાયો તો કોલસુમે ઘસીને ના પાડી દેતાં પોલીસને કહ્યું : ''આ ૧૧ નો આંક બરાબર નથી...મને જ્યાં સુધી યાદ છે ત્યાં સુધી મેં તો ૧૫થી વધુ પતિને પરલોક રવાના કરી દીધા છે!''

### પતિ-પત્ની ઓર વો વત્તા વળતર!

ક્યારેક કાયદાના કેટલાક ચુકાદા સમાજને આંચકો આપી જતા હોય છે. સામાજિક દૃષ્ટિએ અપરાધ લાગતી વાત કાયદાની નજરે અપરાધ ન પણ ઠરે. આવો એક આંચકાદાર ચુકાદો થોડા દિવસ પહેલાં દિલ્હી હાઈકોર્ટે આપ્યો છે. વ્યાભિચારને લઈને એક કેસમાં નામદાર કોર્ટે કહ્યું છે કે 'લગ્નેતર સંબંધ ભલે કદાચ સમાજ માન્ય ન રાખે છતાં એ કોઈ અપરાધ બનતો નથી!' આ 'બ્રેકિંગ ન્યૂઝ ' જાણીને લગ્નબાહ્યના સંબંધ ધરાવતા જરૂર કેટલાક પતિ (કે પત્ની!) આનંદથી ઉછળી પડ્યા છે. દિલ્હી હાઈકોર્ટે



આવા એક કેસમાં એક ફરિયાદી પત્નીના પતિ તથા એની પ્રેમિકા ગણાતી મહિલાને નોટિસ આપીને તપાસ કરાવી છે કે પેલી પ્રેમિકાને કારણે ફરિયાદી પત્નીનું લગ્નજીવન ખોરંભે ચઢે એવું કોઈ જોખમ છે કે નહીં. આવી નોટિસ સાથે કોર્ટે એમ પણ ઉમેર્યું છે કે લગ્નની સમાંતર કોઈને પણ અન્ય વિજાતીય પાત્ર સાથે સંબંધ હોવો એ કાયદાકીય રીતે કોઈ ગુનો નથી પણ એના કારણે કોઈના લગ્નજીવનમાં સમસ્યા સર્જાય તો અરજીકર્તા પત્ની પોતાના પતિ તથા એની પ્રેમિકા પાસેથી જરૂર આર્થિક વળતર માગી શકે છે!આવા તેજાબી ચુકાદા પછી આપણે ત્યાં હજુ સુધી કોઈએ વળતર માટે પેરવી કરે હોય એવા એકેય સમાચાર આવ્યા નથી પરંતુ તાઈવાનમાં આવા એક કિસ્સાએ ચકચાર જરૂર જગાવી છે. વાત કંઈક આમ છે કે એક પતિને જાણ થઈ કે એની પત્ની જ્યાં જોબ કરે છે ત્યાં એના સીનિયર સાથે એને ગરમાગરમ 'ઈલ્લ ઈલ્લુ' નો સંબંધ છે. પત્નીને લગ્નબાહ્ય સંબંધમાંથી પાછી વાળવા પ્રયાસ કર્યો પણ એ ન માની પછી પતિએ એની પત્નીના પ્રેમી પર ૮ લાખ યુઆન (આપણા રૂપિયા એક કરોડ )ના વળતરનો કેસ ફટકાર્યો છે.કોર્ટની સુનાવણીમાં દુભાયેલા પતિએ દાવો કર્યો કે મારી પત્ની સાથે લગ્નેતર સંબંધ બાંધીને એના પ્રેમીએ મને માનસિક આઘાત આપવા ઉપરાંત મારા વૈવાહિક અધિકારનો ભંગ પણ કર્યો છે.બીજી તરફ, પેલા પ્રેમી સીનિયરે પોતાના આ સંબંધના બચાવમાં એવું કહ્યું કે ''મને ખબર જ નહોતી કે મારી પ્રેમિકા પરિણીત છે!''જો કે કોર્ટે પ્રેમીની આ દલીલ ફગાવી દઈને અસરગ્રસ્ત અરજીકર્તા પતિને હાલના તબક્કે ૧ કરોડને બદલે વળતરરૂપે રૂપિયા ૩૭ લાખ ચૂકવી દેવાનો આદેશ પ્રેમીને આપ્યો છે!

### ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» યશ ચોપરા અને કરણ જોહર જેવા નિર્માતા -દિગ્દર્શકે પોતાની ફિલ્મોમાં પતિ-પત્નીના પવિત્ર બંધનના પ્રતીક એવા કરવા ચૌથને ફેમસ બનાવ્યું એ તહેવાર તાજેતરમાં ઉજવાયો ત્યારે દેશભરમાં ૨૮ હજાર કરોડનો વેપાર થયો હોવાના સમાચાર છે!

» આમચી મુંબઈનું સ્થાનિક સુધરાઈ પ્રશાસન રખડતાં શ્વાન પાછળ પાંચ વર્ષમાં ૨.૭૮ કરોડ રૂપિયા ખર્ચી ચૂક્યું છે છતાં એ ચોપગાનો ત્રાસ કાબૂમાં આવતો નથી. વસઈ-વિરાર જેવા વિસ્તારમાં રોજ ૬૦થી વધુ કૂતરાં કરડી જવાના કિસ્સા બને છે તો આ મહાનગરમાં રોજ ૧૦૧ મુંબઈકરને બિલાડી બચકાં ભરી જાય છે!

### * ઈશિતાની એલચી *

**જગતની શ્રેષ્ઠ ઉપદેશક કીડી છે.**
**એ કયારેય કશું કંઈ કહેતી નથી...!!**